પાટનગરનું પોતાનું અખબાર

ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૨) અંક નં. ૧૨૭ | ૧૭ જુલાઈ, ૨૦૧૭, સોમવાર ; અષાઢ વદ - ૮ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦

ન્યુઝ ટ્રેક

બે ભાગમાં સમાવાદી પાર્ટી વિભાજિત

સમાજવાદી પાર્ટી રાષ્ટ્રપતિની ચૂંટણીને લઈને વિભાજિત દેખાઈ રહી છે. મુલાયમસિંહ યાદવ અને અખિલેશ યાદવના નેતૃત્વમાં બે જુદા જુદા કેમ્પ ચૂંટણીને લઈને વિભાજિત છે. ક્રોસ વોટિંગની શક્યતા પણ દેખાઈ રહી છે. અલબત્ત પાર્ટીમાં વિભાજનની સ્થિતિ ચૂંટણી પરિણામો પર કોઈ અસર કરશે નહીં.

અમરનાથના દર્શન માટે ૩૯૦૩ શ્રદ્ધાળુઓ રવાના

અમરનાથ ગુફામાં કુદરતીરીતે બનતા શિવલિંગના દર્શન કરવા માટે આજે વહેલી પરોઢે સઘન સુરક્ષા વચ્ચે ૩૯૦૩ શ્રદ્ધાળુઓનો કાફલો રવાનો થયો હતો. આ તમામ શ્રદ્ધાળુઓ ૧૫૩ વાહનોમાં રવાના થયા હતા. વહેલી પરોઢે ૩.૨૫ વાગે તમામ શ્રદ્ધાળુઓને રવાના કરવામાં આવ્યા હતા.

રવિ શાસ્ત્રીને કોચ તરીકે ૭ કરોડ રૂપિયા વાર્ષિક મળશે

ટીમ ઇન્ડિયાના નવા નિમાયેલા હેડકોચ રવિ શાસ્ત્રીના વાર્ષિક પગાર પર હવે ચર્ચા છેડાઈ ગઈ છે. સુત્રોની વાત ઉપર વિશ્વાસ કરવામાં આવે તો રવિ શાસ્ત્રીને કોચ તરીકે ૭.૫ કરોડ રૂપિયા વાર્ષિક મળશે. બીસીસીઆઈના એક ટોચના અધિકારીએ માહિતી આપતા કહ્યું છે કે, શાસ્ત્રી સાત કરોડ રૂપિયા આપવામાં આવશે.

આજે રાષ્ટ્રપતિપદ માટે મતદાન

સાંસદોમાં ભારે ઉત્સાહ : રામનાથ કોવિંદ અને મીરાકુમાર વચ્ચે સીધી ટક્કર રહેશે : રાષ્ટ્રપતિની ચૂંટણી માટે મતદાન સવારે ૧૦થી સાંજે પાંચ વાગ્યા સુધી થશે મતગણતરી ૨૦મીએ થશે

નવી દિલ્હી,તા. ૧૬

દેશના આગામી રાષ્ટ્રપતિ કોણ બનશે તેને લઈને છેલ્લા ઘણા દિવસથી રાજકીયની સાથે સાથે સામાન્ય વર્તુળોમાં પણ ચર્ચા ચાલી રહી છે ત્યારે આગામી રાષ્ટ્રપતિ પદની ચૂંટણીને લઈને તખ્તો તૈયાર થઈ ગયો છે. આવતીકાલે દેશના ૧૪માં રાષ્ટ્રપતિની ચૂંટણી યોજાનાર છે. એનડીએના ઉમેદવાર રામનાથ કોવિંદ અને વિપક્ષના ઉમેદવાર મીરાકુમાર વચ્ચે સીધી સ્પર્ધા દેખાઈ રહી છે પરંતુ રામનાથ કોવિંદ ઈલેક્ટોરલ કોલેજમાં સ્પષ્ટ લીડ ધરાવી રહ્યા છે. આવી સ્થિતિમાં તેમની જીત નિશ્ચિત દેખાઈ રહી છે.

રામનાથ કોવિંદ અને મીરાકુમાર બંને દલિત સમુદાયમાંથી આવે છે. બંને દ્વારા ચૂંટણીમાં જીત મેળવવા માટેના પોતપોતાની રીતે પ્રયાસો કરવામાં આવી ચુક્યા છે. ઈલેક્ટોરલ કોલેજના મતોનું કુલ મૂલ્ય ૧૦૯૮૯૦૩ છે. એનડીએના ઉમેદવાર આ આંકડા સુધી પહોંચી જાય તેવી શક્યતા છે. તેમને આશરે ૬૩ ટકા મત મળી શકે છે. રામનાથ કોવિંદ મુખ્યરીતે ભાજપ સાથે જોડાયેલા છે. તેમને કેટલાક પ્રાદેશિક પક્ષોને ટેકો મળી ચુક્યો છે. બીજી બાજુ કોંગ્રેસ અને અન્ય વિરોધ પક્ષો દ્વારા સંયુક્તરીતે મીરાકુમારને મેદાનમાં ઉતારવામાં આવ્યા છે. વિરોધ પક્ષો આને શાસક પક્ષની સામે વૈચારિક લડાઈ તરીકે ગણાવી રહ્યા છે. તમામ વ્યવસ્થા ચૂંટણીને લઈને પરિપૂર્ણ કરી લેવામાં આવી છે. સંસદીય ગૃહમાં મતદાન યોજાશે.

રાજ્ય વિધાનસભાના પ્રતિનિધિઓ સવારે ૧૦થી લઈને પાંચ વાગ્યા સુધી મતદાનમાં ભાગ લેશે. સંસદ અને રાજ્યોમાં વિધાનસભાના ચુંટાયેલા સભ્યો તેમજ કેન્દ્ર શાસિત પ્રદેશ પુડુચેરીના ચુંટાયેલા પ્રતિનિધિઓ મતદાનમાં ભાગ લઈ શકશે. ચૂંટણીમાં મતગણતરીની પ્રક્રિયા ૨૦મી જુલાઈના દિવસે યોજાશે. એજ દિવસે પરિણામ પણ જાણી શકાશે. રાષ્ટ્રપતિ પ્રણવ મુખર્જીની અવધિ પૂર્ણ થાય તેના ચાર દિવસ પહેલા પરિણામ આવી જશે. નવા રાષ્ટ્રપતિ ૨૫મી જુલાઈના દિવસે જવાબદારી સંભાળી લેશે. અધિકારીઓનું કહેવું છે કે, સંસદીય ગૃહમાં મતદાન રૂમ નંબર ૬૨માં

● અનુસંધાન પાન-૭ પર

આજથી સંસદનું ચોમાસુ સત્ર શ્રેણીબદ્ધ મુદ્દાઓ છવાશે

વિરોધ પક્ષ સરકારને ભીંસમાં લેવા માટે તૈયાર : રાષ્ટ્રીય સુરક્ષા, વિદેશ નીતિ, સ્થાનિક મામલાઓ છવાશે મોદી સરકાર વિપક્ષનો સામનો કરવા માટે સંપૂર્ણ તૈયાર

નવીદિલ્હી, તા. ૧૬

સંસદનું મોનસુન સત્ર આવતીકાલથી શરૂ થઈ રહ્યું છે જે તોફાની બને તેવી શક્યતા છે. વિરોધ પક્ષો વડાપ્રધાન નરેન્દ્ર મોદીના નેતૃત્વમાં એનડીએ સરકારને ભીંસમાં લેવા માટે તૈયાર છે. જ્યારે બીજી બાજુ મોદી સરકાર પણ વિરોધ પક્ષોના સોમના કરવા કમરકસી ચુકી છે. મોનસુન સત્ર દરમિયાન શ્રેણીબદ્ધ મુદ્દાઓ ઉપર સરકાર અને વિપક્ષ આમને સામને આવશે. જે મુદ્દાઓ ચમકી શકે છે તેમાં અમરનાથ શ્રદ્ધાળુઓ ઉપર કરવામાં આવેલા હુમલા, રાષ્ટ્રીય સુરક્ષા, વિદેશ નીતિ અને અન્ય સ્થાનિક મામલાઓનો સમાવેશ થાય છે. કોંગ્રેસના નેતૃત્વમાં ૧૮ વિરોધ પક્ષો સરકાર ઉપર દબાણ લાવવા માટે તૈયાર છે. રાષ્ટ્રપતિ અને ઉપરાષ્ટ્રપતિની

● અનુસંધાન પાન-૭ પર

આસામમાં પાંચમાં દિવસે પુરની સ્થિતિમાં આંશિક સુધારો થયો

વધુ સાત લોકોના મોત થયા : ૨૪ જિલ્લા પુરના સકંજામાં બચાવ અને રાહત કામગીરી યુદ્ધના ધોરણે યથાવત જારી

ગુવાહાટી, તા. ૧૬

આસામમાં પુરની સ્થિતીમાં આંશિક સુધાર થયો છે પરંતુ વધુ સાત લોકોના મોતની સાથે જ મોતનો આંકડો વધીને હવે ૬૧ ઉપર પહોંચી ગયો છે. કેટલીક જગ્યાએ બ્રહ્મપુત્ર અને તેની સહાયક નદીઓમાં પાણીની સપાટી ઘટી ગઈ હોવા છતાં સ્થિતીમાં સુધારો થવામાં હજુ વધારે સમય લાગી શકે છે. જે સાત લોકોના મોત થયા છે તે પૈકી શિવસાગરમાં બે, મોરીગાવ, બોંગાઈગાવ, દક્ષિણ સલમારા, સોનિતપુર અને જોરહાટ જિલ્લામાં એક એક વ્યક્તિનુ મોત થયુ છે. હવે રાહત પર વધારે ધ્યાન

● અનુસંધાન પાન-૭ પર

ગૌરક્ષાના નામે હિંસા નહિ ચલાવાય : મોદી

સર્વપક્ષીય બેઠકમાં મોદીએ સ્પષ્ટ ચેતવણી આપી : ભ્રષ્ટાચારની સામે જીરો ટોલરન્સની નીતિ જારી રાખવાનો પણ સંકેત : કાયદાઓને હાથમાં નહીં લેવા તમામને સૂચન

નવીદિલ્હી, તા. ૧૬

સંસદનું મોનસુન સત્ર આવતીકાલથી શરૂ થઈ રહ્યું છેત્યારે આજે બોલાવવામાં આવેલી સર્વપક્ષીય બેઠકમાં વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ ગૌરક્ષાના નામ પર કાયદાને હાથમાં લેનારની સામે કઠોર કાર્યવાહી કરવાનો સંકેત આપ્યો હતો. આ ઉપરાંત ભ્રષ્ટાચારના મુદ્દા ઉપર મોદીએ કહ્યું હતું કે, આની સામે સરકારની જીરો ટોલરન્સની નીતિ જારી રહેશે. એમમાનવામાં આવે છે કે, વડાપ્રધાનનો સંકેત આરજેડીના વડા લાલૂ યાદવ અને તેમના પરિવાર સામે થયેલી કાર્યવાહીની તરફ છે. બેઠક બાદ સંસદીય બાબતોના પ્રધાન અનંતકુમારે કહ્યું હતું કે, મિટિંગમાં વડાપ્રધાને એમ પણ કહ્યું હતું કે, ગૌરક્ષાના નામે જે હિંસા થઈ રહી છે તેમની સામે કઠોર કાર્યવાહી કરવામાં આવશે. મોદીએ એમ પણ કહ્યું હતુ કે, કાયદો અને વ્યવસ્થા રાજ્ય સરકારની જવાબદારી છે. આ સંદર્ભમાં એક એડવાઈઝરી પણ રાજ્યોને મોકલી દેવામાં આવી છે જે લોકો આવી હરકતો કરી રહ્યા છે,

● અનુસંધાન પાન-૭ પર

અમરનાથ યાત્રિકોની બસ ખીણમાં ગબડી

૧૬ના મોત : ૩૫થી પણ વધુ શ્રદ્ધાળુ ઘાયલ થયા : બચાવ અને રાહત કામગીરીમાં સેનાના જવાનો જોડાયા : જમ્મુ-શ્રીનગર હાઈવે ઉપર બનેલા બનાવથી આઘાતનું મોજુ



જમ્મુ ,તા. ૧૬

જમ્મુ કાશ્મીરમાં અમરનાથની એક બસ દુર્ઘટનાનો શિકાર થઈ છે. આ બનાવ જમ્મુના રામબાણ જિલ્લામાં બનીહાલ નજીક જમ્મુ-શ્રીનગર હાઈવે ઉપર બન્યો હોવાના અહેવાલ મળ્યા છે. બસ ઉંડી ખીણમાં પડી જતાં બચાવ અને રાહત કામગીરી યુદ્ધના ધોરણે હાથ ધરવામાં આવી હતી. અકસ્માતમાં મોતનો આંકડો વધી શકે છે. હાલમાં ૧૬ લોકોના મોતના અહેવાલને ચર્ચા અને તપાસ ચાલી રહી છે. જ્યારે ૩૫ ઘાયલ થયા હોવાના અહેવાલ મળ્યા છે. દુર્ઘટના બાદ બચાવ અને રાહત કામગીરી માટે સેનાના જવાનો પહોંચી ચુક્યા છે. અત્રે નોંધનીય છે કે, ગયા સોમવારે મોડી રાત્રે ૮.૨૦ વાગ્યાના આસપાસ ગુજરાતના અમરનાથ શ્રદ્ધાળુઓની બસ પર ત્રાસવાદી હુમલો કરાયો હતો જેમાં છ મહિલા સહિત સાત ગુજરાતી શ્રદ્ધાળુઓના મોત થયા હતા અને ૩૨ શ્રદ્ધાળુઓ ઘાયલ થયા હતા. અમરનાથ ગુફાના દર્શન કરીને શ્રદ્ધાળુ પરત ફરી રહ્યા હતા ત્યારે આ હુમલો કરાયો હતો. ગુજરાત રજિસ્ટ્રેશન નંબરની બસ બાલતાલથી જમ્મુ તરફ આવી રહી હતી ત્યારે આ હુમલો કરવામાં આવ્યો હતો. જો કે, અમરનાથ યાત્રાના કાફલાના ભાગરુપે આ બસ ન હતી. ગુજરાતી શ્રદ્ધાળુઓની યાત્રીઓની જીજે-૦૯-ઝેડ-૯૯૭૬ નંબરની બસ એકલી પરત ફરી રહી હતી.

સાંજે ચાર વાગે શ્રદ્ધાળુઓનો કાફલો પરત આવી રહ્યો હતો. ત્યારે રાત્ર આ હુમલો કરાયો હતો. વર્ષ ૨૦૦૦ બાદથી ત્રાસવાદીઓનો આ સૌથી મોટો હુમલો હતો. અમરનાથ શ્રદ્ધાળુઓને લઈને જતી બસમાં કેટલા મુસાફરો મુસાફરી કરી રહ્યા હતા અને આ શ્રદ્ધાળુઓ ક્યાના હતા તે સંદર્ભમાં હજુ સુધી માહિતી મળી શકી નથી. શોધખોળ ચાલી રહી છે. તેમના નામ અને સરનામા મેળવી લેવાના પ્રયાસ પણ શરૂ થયા છે પરંતુ આમા વિલંબ થઈ શકે છે. હાલમાં જ ગુજરાતના શ્રદ્ધાળુઓને આવરી લેતી બસ ઉપર આતંકવાદી હુમલો કરાયો હતો.

હિઝબુલ ભરતી નેટવર્કનો પર્દાફાશ : ત્રણની ધરપકડ

બાતમીના આધારે બારામુલ્લામાં દરોડા પડાયા ઝડપાયોલાઓ પૈકી એક અબ્દુલ રશીદ મેમાં પાકિસ્તાન ગયો હતો અને ત્રાસવાદી ટ્રેનિંગ પણ લીધી હતી

જમ્મુ, તા. ૧૬

ઉત્તર કાશ્મીરના બારામુલ્લા જિલ્લામાં રાજ્ય પોલીસે ત્રાસવાદી સંગઠન હિઝબુલ મુઝાહીદ્દીનના મોટા ભરતી રેકેટનો પર્દાફાશ કર્યો છે. આ રેકેટને ચલાવવામાં મુખ્ય ભૂમિકા હિઝબુલના ત્રાસવાદી લીડર અને કમાન્ડર પરવેઝ વાનીની હતી. કુપવારા જિલ્લાના હેન્ડવારા વિસ્તારનો આ કુખ્યાત ત્રાસવાદી છેલ્લા કેટલાક સમયથી ભરતી રેકેટ ચલાવી રહ્યો હોવાની વિગત સપાટી પર આવી રહી છે. પોલીસે કહ્યુ છે કે બાતમી મળ્યા બાદ દરોડા પાડવામાં આવ્યા હતા. જેમાં ત્રણ લોકોની ધરપકડ કરવામાં આવી હતી. આ ભરતી રેકેટમાં ફસાઈ જનાર યુવાનોને ત્રાસવાદી કેમ્પમાં ટ્રેનિંગ માટે મોકલી દેવામાં આવતા હતા. પોલીસના કહેવા મુજબ અટકાયતમાં લેવામા આવેલા ત્રણ ખતરનાક શખ્સો પૈકી એક અબ્દુલ રાશિદ ભટ્ટ મે મહિનામાં પાકિસ્તાન જઈને આવ્યો હતો. સાથે સાથે પાકિસ્તાન કબજા હેઠળના કાશ્મીરમાં સ્થિત ત્રાસવાદી સંગઠન દ્વારા ચલાવવામાં આવતા ખાલિદ બિન વાલીદ કેમ્પમાં ટ્રેનિંગ પણ લીધી હતી. એક અલગતાવાદી સંગઠનની ભલામણના આધાર પર નવી દિલ્હીમાં પાકિસ્તાની હાઈ કમીશન પાસેથી તેને વીઝા મળ્યા હતા. ધરપકડ કરવામાં આવેલા ત્રણ શખ્સો પાસેથી શસ્ત્રો અને દારૂગોળા ઉપરાંત ક લાખ રૂપિયાની રોકડ રકમ મળી હતી. આ મોડલ મારફતે ત્રાસવાદી સંગઠનોને લોજિસ્ટિક સપોર્ટ આપવાનુ કામ પણ ચાલી રહ્યુ હતુ. હાલમાં ત્રાસવાદી ગતિવિધી જમ્મુ કાશ્મીરમાં વધી છે. આંકડા પરથી આ બાબત સાબિત થાય છે. સુરક્ષા દળોએ જમ્મુ કાશ્મીરમાં આ વર્ષે હજુ સુધી ૧૦૨ ત્રાસવાદીઓને મોતને ઘાટ ઉતારી દીધા છે. છેલ્લા સાત વર્ષમાં જાન્યુઆરી અને જુલાઈ વચ્ચેના ગાળામાં સૌથી વધારે ત્રાસવાદીઓનો ખાતમો કરવામાં આવ્યો છે. એક પોલીસ અધિકારીએ વિગત આપતા કહ્યુ છે કે સુરક્ષા દળોએ લશ્કરે તોયબા, હિઝબુલ મુજાહીદીન અને જેશે મોહમ્મદના ત્રાસવાદીઓનો ખાતમો કર્યો છે. તેમણે દાવો કર્યો છે કે માર્યા ગયેલા

● અનુસંધાન પાન-૭ પર

અમરનાથ યાત્રા પરના હુમલામાં ગંભીર ઈજાગ્રસ્ત મહિલાનું મોત

સોમવારે ત્રાસવાદી હુમલામાં ઘાયલ થઈ હતી : વાર્ષિક અમરનાથ યાત્રા ૪૦ દિવસ સુધી ચાલશે : લલિતા નામની મહિલાનું મોત થયું

શ્રીનગર,તા. ૧૬

અમરનાથ યાત્રાના ભાગરૂપે રહેલા શ્રદ્ધાળુઓની બસને ટાર્ગેટ બનાવીને ગયા સોમવારના દિવસે કરવામાં આવેલા ભીષણ ત્રાસવાદી હુમલામાં ઘાયલ થયેલી એક મહિલા શ્રદ્ધાળુનુ આજે હોસ્પિટલમાં મોત થયુ હતુ. આની સાથે જ મોતનો આંકડો વધીને હવે આઠ થયો હતો. પોલીસે સવારમાં માહિતી આપતા કહ્યુ હતુ કે ૪૭ વર્ષીય લલિતાનુ વહેલી પરોઢે સ્કીમમ્સ હોસ્પિટલમાં મોત થયુ હતુ. ગયા સોમવારે મોડી રાત્રે ૮.૨૦ વાગ્યાના આસપાસ ગુજરાતના અમરનાથ શ્રદ્ધાળુઓની બસ પર ત્રાસવાદી હુમલો કરાયો હતો જેમાં છ મહિલા સહિત સાત ગુજરાતી શ્રદ્ધાળુઓના મોત થયા હતા અને ૩૨ શ્રદ્ધાળુઓ ઘાયલ થયા હતા. અમરનાથ ગુફાના દર્શન કરીને શ્રદ્ધાળુ પરત ફરી રહ્યા હતા ત્યારે આ હુમલો કરાયો હતો.

ROOPKALA
The silver shop
માત્ર ચાંદીનો શો-રૂમ
199, District Shopping Center, Nr. Bank of Baroda,
Sector - 21, Gandhinagar, Ph.232 48225
તમામ ક્રેડીટ / ડેબીટ કાર્ડ આવકાર્ય